GJAN120007172025

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧/૧૧/૨૦૨૫ |
| નોંધણી તારીખ | ૧૧/૧૧/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | 30/06/2026 |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ |

**સ્પે. (એટ્રોસીટી) કેસ નં.૩/૨૦૨૫**
**આંકઃ-.......**

**ફોર્મ – એ**

**પેટલાદના મહે. બીજા અધિક સેશન્સ જજ તથા સ્પેશ્યલ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. પેટલાદ, જી.આણંદ.**

**(જજમેન્ટ આપ્યાની તારીખ ૩૦/૦૬/૨૦૨૬)**

**( સ્પે. (એટ્રોસીટી) કેસ નં.૩/૨૦૨૫ )**

**મહેળાવ પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૧૭૨૫૦૨૧૬/૨૦૨૫**

**(ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબ.)**

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદી તરફે | વિ.એડી.પી.પી.શ્રી. જે.એચ.રાઠોડ |

| | |
|---|---|
| આરોપી | (૧) રીન્કું વા/ઓફ ઉમેશકુમાર રામનરેશસિંહ (બિહારી રાજપુત).<br>(૨) ભુમી ડો/ઓફ ઉમેશકુમાર રામનરેશસિંહ (બિહારી રાજપુત).<br>(૩) કૃણાલ સન/ઓફ બિપીનચંદ્ર મોતીભાઈ મકવાણા (હિન્દુ વણકર).<br>**આરોપી નં.૧ તથા નં.૨ નાઓ**<br>રહે.પેટલાદ, ૩ સત્વા લોટસ સોસાયટી, ઈસરામા રોડ, તા.પેટલાદ, જી.આણંદ.<br>**આરોપી નં.૩ નાઓ**<br>હાલ રહે.નડિયાદ, કાર્મેલ સોસાયટી, પવન ચકકી રોડ, તા.નડિયાદ, જી.ખેડા.<br>મુળ રહે.મજુરગામ, મીલ રોડ, કલ્યાણ કુંજ સોસાયટી સામે, તા.નડિયાદ, જી.ખેડા. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એ.એ.વહોરા તથા વિ.વ.શ્રી.જી.કે.પંડયા |

**ફોર્મ – બી**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૧૯/૦૯/૨૦૨૫,<br>તા.૦૬/૦૯/૨૦૨૫ તથા<br>તા.૧૫/૦૯/૨૦૨૫ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૨૦/૦૯/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૧/૧૧/૨૦૨૫ |
| તહોતમનામું ઘડયાની તારીખ | ૨૨/૦૧/૨૦૨૬ |
| પુરાવો લેવાનો | ૨૫/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચાલુ કર્યાની તારીખ | |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

## આરોપીની વિગત

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો. કોડ કલમ–૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|
| (૧) | રીન્કું વા/ઓફ ઉમેશકુમાર રામનરેશસિંહ (બિહારી રાજપુત). | ૨૫/૦૯/૨૦૨૫ | | **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા** | નિર્દોષ | |
| (૨) | ભુમીડો/ઓફ | ૨૫/૦૯/૨૦૨૫ | | | નિર્દોષ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ઉમેશકુમાર રામનરેશસિંહ (બિહારી રાજપુત). | | | **અધિનિયમ– ૨૦૧૨ ની કલમ–૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબ.** | | |
| (૩) | કૃણાલ સન/ઓફ બિપીન ચંદ્ર મોતીભાઈ મકવાણા (હિન્દુ વણકર). | ૨૫/૦૯/૨૦૨૫ | | | નિર્દોષ | |

## <u>ફોર્મ – સી</u>

**<u>એ– ફરીયાદપક્ષના સાક્ષી :–</u>**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | વિનોદભાઇ અંબાલાલ સોલંકી | પંચ સાહેદ | ૯ |
| PW2 | રીમ્પલબેન ઉમેશભાઇ દરજી | ત.ક.મંત્રીશ્રી નબીપુર ગ્રામ પંચાયત | ૧૩ |
| PW3 | ભોગ બનનારના માતા | ફરીયાદી/ ભોગ બનનારના માતા | ૨૧ |
| PW4 | ભોગ બનનાર | ભોગ બનનાર | ૨૩ |
| PW5 | અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા | સાયન્ટીફીક ઓફીસર | ૨૫ |
| PW6 | ડો.પારસ રમણીકભાઇ મોડીયા | મેડીકલ ઓફીસર શ્રી કૃષ્ણ હોસ્પીટલ, | ૨૯ |

| | | | |
|---|---|---|---|
| | | કરમસદ | |
| PW7 | ભુપતભાઇ પુનમભાઇ ગોહેલ | સીનીયર કલાર્ક મામલતદાર કચેરી, પેટલાદ | ૩૧ |
| PW8 | પાર્થ ઘનશ્યામભાઇ ચોવટીયા | ત.ક.અમલદાર પોલીસ સાહેદ | ૩૯ |
| PW9 | ગોપાલ સાંગાભાઇ ગઢવી | ફરીયાદ લેનાર અમલદાર પોલીસ સાહેદ | ૫૫ |

**બી– આરોપીપક્ષના સાક્ષી :–**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

**સી– કોર્ટ તરફેના સાક્ષી :–**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

**એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 2 | ૧૪ | નબીપુર ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરના ઉતારાની નકલ |
| 3 | ૧૫ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર અસલ |
| 4 | ૧૬ | નબીપુર ગ્રામ પંચાયતના ત.ક.મંત્રીશ્રીનો ફોરવર્ડીંગ લેટર |
| 5 | ૨૨ | ફરીયાદ |
| 6 | ૨૪ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| 7 | ૨૬ | સ્થળ પરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| 8 | ૩૦ | ભોગ બનનારનું ઈન્જરી સર્ટી. |
| 9 | ૩૨ | અધિકૃત પત્ર |
| 10 | ૩૩ | જાતી અંગેના પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા અંગેનું રજીસ્ટરની પ્રમાણીત નકલ |
| 11 | ૩૪ | જાતિના દાખલાની ખરાઈનું પ્રમાણપત્ર |
| 12 | ૩૫ | ભોગ બનનારનું જાતી અંગેનુ પ્રમાણપત્ર |
| 13 | ૩૬ | પ્રમાણપત્ર મેળવવા માટે કરેલ અરજી તથા તે લગતના દસ્તાવેજી પુરાવા (સંયુકત) |
| 14 | ૩૮ | આરોપીના શરીર સ્થીતી તથા રજુ કરેલ મુદ્દામાલનું પંચનામું |
| 15 | ૪૦ | ભોગ બનનારના જાતિના પ્રમાણપત્રને વેરીફાય કરવા કરેલ યાદી |
| 16 | ૪૧ | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્ર માટે કરેલ યાદી |
| 17 | ૪૨,૪૩ | હેઝ વેલ્યુ રીપોર્ટ તેમજ કલમ-૬૩(૪)(સી) નું સર્ટી. |
| 18 | ૪૪ | ભોગ બનનારનું મેડીકલ સર્ટી. મેળવવા કરેલ યાદી |
| 19 | ૪૫ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી |
| 20 | ૪૬,૪૭,૪૮ | સરકારી પંચો ફાળવવા માટે કરેલ યાદી |
| 21 | ૪૯,૫૦ | રવાનગી પત્રક |
| 22 | ૫૧,૫૨ | એફ.એસ.એલ. ની પહોંચ |
| 24 | ૫૩ | એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્ર |
| 25 | ૫૪ | એફ.એસ.એલ. નો ઝેરશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ |
| 26 | ૫૬ | ગુનાની સ્ટેશન ડાયરીની નકલ |
| 27 | ૫૭ | વી.એચ.એફ. મેસેજ |
| 28 | ૫૮ | સુચિપત્ર |

| | | |
|---|---|---|
| 29 | ૫૯ | સ્પેશીયલ રીપોર્ટ |

**બી– આરોપીપક્ષના સાક્ષી :–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**સી– કોર્ટ તરફેના સાક્ષી :–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**ડી– મહત્વની વસ્તુઓ :–**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**–: જજમેન્ટ :–**

(૧) આ કામના આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુના સબબનું તહોમત આંક–૫ થી ફરમાવેલ છે.

**ફરીયાદપક્ષના કેસની હકીકત.**

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરી જેની ઉંમર ૧૭ વર્ષ ૦૧ માસ(જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮)છે, તેણીનો તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ જન્મ દિવસ હોય તેણીના શાળામાં રહેલ મિત્રોએ બર્થ–ડે વીશ કરેલ, જેથી આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ગમેલ નહિ અને તેની રીસ રાખી સોશીયલ મીડીયા ઉપર ફરીયાદીની સગીર વયની ભોગ બનાર દિકરી સાથે ઝઘડો કરી પોતાની સાથે પ્રેમ સંબધ રાખવાનું દબાણ કરેલ તેમજ તેણીને રસ્તામાં રોકી બદનામ કરવાની ધમકી આપેલ તેમજ આ કામના આરોપી નં.૧ તથા નં.૨

નાએ ફરીયાદીની ભોગ બનનાર દિકરી સાથે મોબાઇલ ઉપર ઝઘડો કરી સોશીયલ મીડીયામાં બદનામ કરવાની ધમકી આપેલ તથા તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ આરોપી નં.૨ તથા નં.૩ નાઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓએ ફરીયાદીના ઘરે જઇ ભોગ બનનાર દિકરીને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે જણાવેલ કે ‘‘ મને મોબાઇલમાં બ્લોક કેમ કરી નાંખેલ છે ’’ તેમ કહી ફરીયાદી તથા સાહેદોને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા આરોપી નં.૨ નાએ જણાવેલ કે ‘‘ તમે સાલા વસાવા આદિવાસી જ રહેવાના ’’ તેમ કહી જાતીવાચક અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરેલ તથા આરોપી નં.૩ નાએ ફરીયાદી તથા સાહેદો સાથે ગાળો બોલી ઝઘડો કરેલ તેમજ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનારને તમામ આરોપીઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે મોબાઇલ ઉપર ઝઘડો કરી સોશીયલ મીડીયામાં બદનામ કરવાની ધમકી આપેલ. તેમજ આરોપી નં.૨, નં.૩ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ફરીયાદીના ઘરે ઝઘડો કરેલ હોવાથી ભોગ બનનાર દિકરી ટેન્શનમાં આવી ગયેલ અને તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૮-૩૦ વાગે ભોગ બનનારે પોતાના ઘરે પોતાની જાતે કપડા ધોવાનું બ્લીચીંગ પી ગયેલ. આ બાબતે ફરીયાદીશ્રી ધ્વારા મહેળાવ પો.સ્ટે. ના ગુ.રજી. નં.**૧૧૨૧૫૦૧૭૨૫૦૨૧૬/૨૦૨૫** થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે ત.ક.અમલદારશ્રી ધ્વારા તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ, પેટલાદમાં રજુ કરેલ.

**<u>આરોપી સામેના આક્ષેપીત ગુના સંબધેના તહોમતની કાર્યવાહી.</u>**

(૩) આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલ મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરુધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે

બાળકોને રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુનાઓ દર્શાવતું તહોમતનામું **આંક–૫ થી** ફરમાવવામાં આવેલ તથા **આંક–૬ થી આંક–૮ સુધી** આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ તહોમતનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આરોપીઓ સામેનો હાથ પરનો કેસ સાબિત કરવા ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા માટે મુકરર કરવામાં આવેલ.

**<u>કલોઝીંગ પુરસીસ અને આરોપીનું વિશેષ નિવેદન</u>**

(૪) સદર કામે ફરીયાદપક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ત્યાર બાદ વિ.સરકારી વકીલશ્રીએ **આંક–૬૦ થી** ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાની પુરસીસ **તા.૧૧/૦૬/૨૦૨૬ ના** રોજ આપેલ છે.

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવપક્ષ તરફે આરોપી ધ્વારા કોઈ સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, *તેઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં કામગીરી દર્શાવવા માટે ખોટું ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.*

(૫) ત્યાર બાદ બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓ ધ્વારા લંબાણપુર્વકની મૌખીક દલીલો કરેલ છે, જે દલીલો સાંભળવામાં આવેલ છે.

હાલના કામે વિ. સરકારી વકીલશ્રી ધ્વારા મૌખીક દલીલોમાં જણાવેલ છે કે, આ કામના ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત ફરીયાદપક્ષ્ ધ્વારા તપાસવામાં આવેલ નબીપુરના ગ્રામ પંચાયતના ત.ક.મં્ત્રીશ્રી ની જુબાની થકી પુરવાર થયેલ છે માટે પોકસો એકટી કલમ–૨૯ નું અનુમાન કરવાનું રહે છે. તેઓએ વધુમાં દલીલ કરે છે કે ફરીયાદી તથા ભોગ બનનાર ધ્વારા ફરીયાદને સમર્થનકારક પુરાવો આપેલ છે તથા ફરીયાદી તથા ભોગ

બનનાર પોતે અનુસુચીત જાતીના હોવાનું પણ પુરવાર થયેલ હોય આરોપીઓને સખતમાં સખત સજા કરવા જણાવેલ છે.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી. ધ્વારા તેમની મૌખીક દલીલોમાં જણાવેલ છે કે , ભોગ બનનાર ફકત સગીર વયની હોવાનું પુરવાર થયેલ હોવા માત્રથી પોકસો એકટ મુજબનો ગુનો થયેલાનું પુરવાર થયેલ હોવાનું માની શકાય નહિ. તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદી તથા ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાનીમાં ઉપરોકત ગુનાના કામે આરોપી નં.૧ નાઓએ કોઇ પણ ભાગ ભજવેલ હોય તેવું ફલીત થતું નથી. ફરીયાદી અને ભોગ બનનારના કેસ મુજબ તા.૧૬/૯/૨૫ ના રોજ આરોપી નં.૨,૩ તથા કાયદાના સંઘષમાં આવેલ કિશોર તેમના ઘરે આવેલ અને ધમકી આપેલાનો આક્ષેપ છે પરંતુ તે દિવસે કોઇ ફરીયાદ આપેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી માટે તે બાબતે શંકા ઉભી થાય છે. તેઓ ધ્વારા વધુમાં દલીલ કરેલ છે કે બીજા દિવસે શાળા પાસે જે બનાવ બનેલ છે તેમાં હાલના આરોપીઓ સ્થળ ઉપર હાજર હોય કે કોઇ પણ પ્રકારના ભાગ ભજવેલ હોય તેવું જણાય આવતું નથી. વધુમાં હાલના આરોપીઓ ધ્વારા જાતી વાચક શબ્દોનો પ્રયોગ કરેલ હોય તેવું ફરીયાદી કે ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની થકી બહાર આવેલ નથી માટે એટ્રોસીટી એકટ મુજબનો કોઇ પણ ગુનો બનતો ન હોવાનું પુરવાર થતું નથી. તેઓ ધ્વારા વધુમાં દલીલ કરેલ છે કે રજુ થયેલ એફ.અ ેસ.એલ. રીપોર્ટ થકી ભોગ બનનાર ધ્વારા બ્લીચીંગનું પાણી પીધેલાની હકીકત પુરવાર થયેલ નથી. આમ ઉપરોકત તમામ કારણોસર ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી થતી હોય આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ કરેલ છે.

**મુદદા.**

(૬) સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી કેસના ન્યાયીક અર્થે કેસના આખરી નિકાલ વાસ્તે, નીચે મુજબના મુદદાઓ ઉપસ્થીત થાય છે.

**મુદદા નં.૦૧ :-** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

**મુદદા નં.૦૨ :-** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે,

ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરી જેની ઉંમર ૧૭ વર્ષ ૦૧ માસ (જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮) છે, તેણીનો તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ જન્મ દિવસ હોય તેણીના શાળામાં રહેલ મિત્રોએ બર્થ-ડે વીશ કરેલ, જેથી આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ગમેલ નહિ અને તેની રીસ રાખી સોશીયલ મીડીયા ઉપર ફરીયાદીની સગીર વયની ભોગ બનાર દિકરી સાથે ઝઘડો કરી પોતાની સાથે પ્રેમ સંબધ રાખવાનું દબાણ કરેલ તેમજ તેણીને રસ્તામાં રોકી બદનામ કરવાની ધમકી આપેલ તેમજ આ કામના આરોપી નં.૧ તથા નં.૨ નાએ ફરીયાદીની ભોગ બનનાર દિકરી સાથે મોબાઈલ ઉપર ઝઘડો કરી સોશીયલ મીડીયામાં બદનામ કરવાની ધમકી આપેલ તથા આરોપી નં.૩ નાએ ફરીયાદી તથા સાહેદો સાથે ગાળો બોલી ઝઘડો કરેલ તેમજ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનારને તમામ આરોપીઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે મોબાઈલ ઉપર ઝઘડો કરી સોશીયલ મીડીયામાં બદનામ કરવાની ધમકી આપેલ. તેમજ આરોપી નં.૨, નં.૩ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ફરીયાદીના ઘરે ઝઘડો કરેલ હોવાથી ભોગ બનનાર દિકરી ટેન્શનમાં આવી ગયેલ અને તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૮-૩૦ વાગે ભોગ બનનારે પોતાના ઘરે પોતાની જાતે કપડા ધોવાનું બ્લીચીંગ પી ગયેલ હોય તમો આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૦૩ :-** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ આરોપી નં.૨ તથા નં.૩ નાઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓએ ફરીયાદીના ઘરે જઈ ભોગ બનનાર દિકરીને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે જણાવેલ કે '' મને મોબાઈલમાં બ્લોક કેમ કરી નાંખેલ છે '' તેમ કહી ફરીયાદી તથા

સાહેદોને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા આરોપી નં.૨ નાએ જણાવેલ કે ‘‘ તમે સાલા વસાવા આદિવાસી જ રહેવાના ’’ તેમ કહી જાતીવાચક અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરીને એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ),૩(૨)(૫-એ)મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૦૪ :-** શું હુકમ ?

(૭) ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ઉપરોકત મુદ્દાના જવાબ અને કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ :-** **'' હકારમાં, ''**

**મુદ્દા નં.૨ :-** **'' નકારમાં, ''**

**મુદ્દા નં.૩ :-** **'' નકારમાં, ''**

**મુદ્દા નં.૪ :-** **આખરી હુકમ મુજબ.**

**- :: નિર્ણય માટેના કારણો ::-**

**નામદાર સર્વોચ્ચ અદાલતના સ્ટેટ ઓફ કર્ણાટક વિરુધ્ધ પુત્તારાજા, એ.આઇ.આર. ૨૦૦૪ સુપ્રિમ કોર્ટ પાના નં.૪૩૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવો સિધ્ધાત પ્રતિપાદીત કરેલ છે કે ‘‘ બળાત્કારના કિસ્સામાં ભોગ બનનારનું નામ જજમેન્ટમાં લખવું જોઇએ નહિ. ’’ જેથી આ સિધ્ધાંતને આધારે આ અદાલતે ભોગ બનનારનું તથા તેણીના માતા-પિતાનું નામ આ કેસમાં આ જજમેન્ટમાં કોઇ જગ્યાએ જણાવેલ નથી.**

(૮) **મુદ્દા નં.૧ :-**

ફરીયાદપક્ષ તરફથી સૌ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવી જોઇએ. નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા અનુપસિંહ વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ભોગ બનનારની ઉંમર નકકી કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ એકટની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ. જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ-૯૪ વંચાણે લેતા તે

નીચે મુજબ છે.

**જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪.**

(1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —

(i) the date of birth certificate from the school, or the **matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;**

**(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;**

**(iii) and only in the absence of (i) and (ii)**

**above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:**

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person sobrought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

**આમ, પોકસોના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરતી વખતે પ્રથમ ભોગ બનનારનું બોર્ડનું શાળા છોડયાનું પ્રમાણપત્ર ધ્યાને લેવું જોઇએ અને તેની ગેરહાજરીમાં ભોગ બનનારનો જન્મનો દાખલો અને જન્મના દાખલાની ગેરહાજરીમાં ઓસીફીકેશન ટેસ્ટનો આધાર લઈ શકાય.**

(૯) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખી હાથ પરના કેસના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો,

ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩ થી ફરીયાદી એટલે કે ભોગ બનનારના માતને આંક-૨૧ થી તપાસવામાં આવેલ છે** અને તેઓ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેમની ભોગ બનનાર દિકરીની જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮ છે તથા તેણી સંસ્કૃતી હાઈસ્કુલમાં ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે.

તેમજ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩ થી ભોગ બનનારને આંક-૨૩ થી તપાસવામાં આવેલ છે** અને તેણીએ પોતાના પુરાવામાં તેણી પોરડા ગામે આવેલ સંસ્કૃતી હાઈસ્કુલમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતી હોવાની તેમજ તેણીની જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮ ના રોજની હોવાની હકીકત

જણાવેલ છે.

વધુમાં ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૨ થી નબીપુર ગ્રામ પંચાયતના ત.ક.મંત્રી રીમ્પલબેન ઉમેશભાઇ દરજીને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે** અને તેઓ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ છેલ્લા આઠેક મહિનાથી નબીપુર ગ્રામ પંચાયતમાં ત.ક.મંત્રી તરીકે ફરજ બજાવે છે. વધુમાં જણાવે છે કે તેઓ સને ૨૦૦૮ નું અસલ જન્મ–મરણ રજીસ્ટર લાવેલ છે, જેમાં પાન નં.૩૩ ઉપર અનુક્રમ નં.૧૨૬ ઉપર ભોગ બનનારના જન્મની વિગતો દર્શાવેલ છે અને તે મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮ ની હોવાનું જણાય આવે છે તેમજ સદર જન્મની નોંધણી તા.૧૧/૦૯/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે અને તેમાં તેણીના માતા પિતાનું કામ કાયમી સરનામું દર્શાવેલ છે. વધુમાં તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં સદર જન્મ રજીસ્ટરની પ્રમાણીત નકલ આંક–૧૪ તથા ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક–૧૫ તેમજ નબીપુર ગ્રામ પંચાયતનો ફોરવર્ડીંગ લેટર આંક–૧૬ થી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે અને જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જન્મની નોંધણી તેમના રૂબરૂ થયેલ નથી તથા તેઓએ રેકર્ડ આધારે જુબાની આપેલ છે.

આ કામે આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા દલીલ કરી જણાવેલ છે કે જન્મની નોંધણી ભોગ બનનારના માતા પિતા ધ્વારા કરાવવામાં આવેલ નથી તેમજ આંક–૧૪ થી રજુ થયેલ જન્મ રજીસ્ટર ધ્યાને લેતા ભોગ બનનારના જન્મની નોંધણી કોણે કરાવેલ છે તે બાબતે કોઇ માહિત દર્શાવેલ નથી, જેથી ભોગ બનનારનો જન્મનો દાખલો ધ્યાને લઇ શકાય નહિ.

સદર દલીલ અન્વયે જોઇએ તો, હાલના કામે ભોગ બનનારનો જન્મનો દાખલો આંક–૧૫ થી રજુ થયેલ છે અને તેમાં ભોગ બનનારનું

તેમજ તેણીના માતા પિતાનું નામ અને તેણીની જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮ ની દર્શાવેલ છે. વધુમાં આટલા સમય અગાઉ ભોગ બનનારની ખોટી જન્મ તારીખ નોંધવા સંબધેનું કોઇ કારણ જણાય આવતું નથી. આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫ ધ્યાને લઇએ તો તે મુજબ જાહેર ફરજ બજાવતા રેકર્ડમાં કરેલી નોંધની પ્રસ્તુતા જાહેર અથવા અન્ય અધિકૃત ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડમાં મુદા માહેની હકીકત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી, એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા અથવા જેમાં આવા ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડ રાખવામાં આવતા હોય તે અંગેના કાનુન મુજબ વિશીષ્ટ રીતે સંકળાયેલી હોય તેવી ફરજોનું પાલન કરતા કોઇ કોઇપણ વ્યકિતએ કરેલી નોંધ આપો આપ પ્રસ્તુત છે.

વધુમાં આંક–૧૫ થી રજુ થયેલ જન્મનો દાખલો તથા આંક–૧૪ થી રજુ થયેલ સને ૨૦૦૮ ના જન્મ – મરણ રજીસ્ટરના અનુક્રમ નં.૧૨૬ ની પ્રમાણીત નકલ જાહેર દસ્તાવેજ છે અને તે ન માનવને કોઇ કારણ નથી.

આમ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ નબીપુર ગ્રામ પંચાયતના ત.ક.મંત્રી રીમ્પલબેન ઉમેશભાઇ દરજીના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન રજુ થયેલ આંક–૧૪ અને આંક–૧૫ વાળા દસ્તાવેજી પુરાવા થકી ભોગ બનનારની જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮ ની હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતું હોઇ, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાથી મુદદા નં.૧ નો જવાબ **‘‘ હકારમા ’’** આપવામાં આવે છે.

**મુદદા નં.ર તથા નં.૩ :–**

(૧૦) ઉપરોકત બંને મુદદાઓ એકબીજા સાથે સંકળાયેલ હોઇ, ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર મુદદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

***ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાની ચર્ચા નીચે મુજબ છે.***

**ભોગ બનનારના માતા/ફરીયાદીનો પુરાવો :–**

(૧૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩ થી ફરીયાદી એટલે ભોગ બનનારના માતાને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે** અને તેઓ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીની કોલેજ ચોકડી ઉપર ગીફ્ટ શોપની દુકાન આવેલ છે તથા તેણીના પતિ વકીલાત કરે છે. વધુમાં જણાવે છે કે ભોગ બનનાર તેઓની મોટી દિકરી છે અને તેનાથી નાનાો દિકરો છે તેમજ ભોગ બનનારની જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮ છે અને તેને સંસ્કૃતી હાઇસ્કુલમાં ધોરણ–૧૨ સુધી અભ્યાસ કરેલ છે અને તે સ્કુલે સવારે સાત વાગે જાય છે અને બપોરે બે વાગે પરત આવેલ છે. વધુમાં તેણીએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજ સાંજે સાડા છ વાગે તેઓ દુકાન ઉપર હાજર હતા ત્યારે તેમના છોકરાનો ફોન આવેલ અને જણાવેલ કે બે છોકરા અને એક છોકરી બે એકટીવા લઇને ઘરે આવેલ છે અને બેનને ઠપકો આાપે છે. જેથી તેઓ તથા તેમના પતિ ઘરે આવેલ અને જોયેલ તો ભોગ બનનાર દિકરી સાથે સાગર તેમજ તેની બહેન ભુમિ અને કૃણાલ નામનો છોકરો ઝઘડો કરતા હતા. તેથી તેઓએ ભોગ બનનાર દિકરીને પુછેલ તો તેણીએ જણાવેલ કે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તેણીને રીલેશનશીપ માટે પુછેલ અને તેણીએ ના પાડેલ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરનો મોબાઇલ નંબર સોશીયલ મીડીયા ઉપર બ્લોક કરેલ, જેથી સાગર તેણી જોડેલ ઝઘડો કરે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓનો ઝઘડો વધી ગયેલ હતો તથા તેઓ તેમની ભોગ બનનાર દિકરીને ગાળો બોલતા હતા અને કહેતા હતા કે મને કેમ બ્લોક કર્યો તથા તેઓએ ભોગ બનનાર દિકરીની જીંદગી ખરાબ કરી નાંખવાની ધમકી આપતા હતા. વધુમાં જણાવે છે કે ત્યાર બાદ પોલીસ આવી જતા તેઓએ છોકરાઓ સાથે સમાધાન કરેલ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને તેમણે તથા તેમના પતિએ સમજાવેલ કે ''તું વિદ્યાર્થી છુ તો ભણવામાં ધ્યાન રાખ, આ બધુ છોડી દે''. તે વખતે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની બહેન ભુમિએ કહેલ કે હવે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર કયારે પણ ભોગ બનનાર દિકરીનો પીછો નહિ કરે અને ત્યાર બાદ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર, ભુમિ અને કૃણાલ તેઓના ઘરેથી જતા રહેલ હતા.

વધુમાં સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે ત્યાર બાદ તા.૧૬/૯/૨૦૨૫ ના રોજ ભોગ બનનાર દિકરી સ્કુલે ગયેલ હતી તેની છુટવાની રાહ જોઈ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર બસ સ્ટેશને ઉભેલ હતો અને સ્કુલ છુટી ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તેમની ભોગ બનનાર દિકરીને ગમે તેવી ગાળો બોલેલ તથા ઉઠાવી જવાની અને જીંદગી ખરાબ કરી નાંખવાની અને મારી નાંખવાની ધમકી આપેલ તેમજ કહેલ કે તમે વસાવા ખરાબ છો. સદર વાત તેમની ભોગ બનનાર દિકરીએ તેમને ઘરે આવીને જણાવેલ.

વધુમાં સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે તા.૧૭/૯/૨૦૨૫ ના રોજ તેઓએ સ્કુલમાં જાણ કરેલ કે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સ્કુલની બહાર ભોગ બનનાર દિકરીને ગાળો બોલે છે અને ધમકી આપે છે તો તેઓ કોઈ એકશન લઈ શકે તો સ્કુલમાંથી એકશન લેવાની હા પાડેલ. વધુમાં જણાવે છે કે તા.૧૮/૯/૨૦૨૫ ના રોજ તેમની ભોગ બનનાર દિકરીને સ્કુલ જવાની બીક લાગતી હોવાથી તેણી સ્કુલે ગયેલ ન હતી.

વધુમાં સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૯/૯/૨૦૨૫ ના રોજ સાંજે સાડા છ વાગે તેમના સસરાનો તેમના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે ભોગ બનનાર દિકરીને કંઈક થઈ ગયેલ છે, જેથી તેઓ દુકાન બંધ કરીને ઘરે ગયેલ અને જોયેલ તો ભોગ બનનાર દિકરી સોફા ઉપર બેઠેલ હતી અને ઉલટીઓ કરતી હતી, જેથી તેઓએ ભોગ બનનાર દિકરીને પુછેલ કે શું થયેલ છે તો તેણીએ જણાવેલ કે તેણીએ કપડા ધોવાનું બ્લીચીંગ પી લીધેલ છે. જેથી તેઓ તેણીને શ્રી કૃષ્ણ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ અને આઈ.સી.યુ. માં દાખલ કરેલ અને બનાવ અંગે મહેળાવ પો.સ્ટે. માં ફરીયાદ આપેલ, જે ફરીયાદ આંક–૨૨ થી રજુ છે.

સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે, જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમાં સ્કુલમાં તા.૧૭/૯/૨૦૨૫ ના રોજ તેઓએ જાણ કરેલ કે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સ્કુલની બહાર ભોગ બનનાર દિકરીને ગાળો

બોલે છે અને ધમકી આપે છે, તો તેઓને એકશન લેવી હોય તો લઇ શકે ? તો સ્કુલમાંથી એકશન લેવાની હા પાડેલ હોવાની હકીકત લખાવેલ નથી. તેમજ તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની ભોગ બનનાર દિકરી અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર બંને પહેલા મિત્રો બનેલ અને ત્યાર બાદ બંને વચ્ચે પ્રમે સંબધ થયેલ.

આ કામના ફરીયાદીની ફરીયાદ તથા સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઇએ તો, સ્કુલમાં તેઓ ધ્વારા બનાવ અંગે જાણ કરેલ હોય અને સ્કુલે તેઓ જે કોઇ પણ કાર્યવાહી કરવા માંગતા હોય તે કરી શકે છે તેવી પરવાનગી સ્કુલે આપેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. તેમજ આ કામના આરોપી નં.૧ રીન્કું નાઓએ ઉપરોકત બનાવમાં કોઇ પણ તબકકે ભાગ ભજવેલ હોય કે ફરીયાદીના ઘરે આવેલ હોવાની હકીકત પણ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીમાં બહાર આવેલ નથી. વધુમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ધમકી આપેલ હોવાનું જણાવેલ છે પરંતુ આવી કોઇ હકીકત ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીમાં બહાર આવેલ નથી.

**વિકટીમ–ભોગ બનનાર સાહેદનો પુરાવો :–**

(૧૨) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૪ થી ભોગ બનનારને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે** અને તેઓ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી પોરડા ગામે આવેલ સંસ્કૃતી હાઇસ્કુલમાં ધોરણ–૧૨ માં અભ્યાસ કરતી હતી અને તે દરમ્યાન તેણીની મુલાકાત કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સાથે થયેલ અને તેઓ બંને મિત્ર બનેલ તેમજ ત્યારબાદ તેઓ રીલેશનશીપમાં આવેલ અને તેઓ બંને ઇન્સ્ટાગ્રામ ઉપર વાતચીત કરતા હતા. વધુમાં જણાવે છે કે તા.૬/૯/૨૦૨૫ ના રોજ તેણીનો જન્મ દિવસ હોવાથી તેણીના મિત્રો ઇન્સ્ટાગ્રામ ઉપર વીશ કરતા હતા અને તે બાબતે તેણી અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વચ્ચે ઝઘડો થયેલ, જેથી તેણીએ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને સોશીયલ મીડીયા ઉપર બ્લોક કરી દીધેલ અને ત્યાર બાદ તેઓ વચ્ચે વાતચીત ઓછી થતી હતી. વધુમાં જણાવે છે કે ત્યાર બાદ

કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની મમ્મી તથા બહેન ભુમિનો તેણી ઉપર ફોન આવેલ અને જણાવેલ કે ‘‘ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સાથે તુ વાત ના કરીશ અને તુ એની સાથે ના રહીશ અને તુ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને છોડી દે અને તારે બીજે લગ્ન કરવા હોય તો કરી લે ’’ તેથી તેણીએ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની માતાને જણાવેલ કે ‘‘ તમે એવું ઇચ્છતા હોવ તો હું કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને બધી જગ્યાએથી બ્લોક કરી દઉ ’’ અને ત્યાર બાદ તેણીએ તેને બધી જગ્યાએથી બ્લોક કરી દીધેલ. વધુમાં જણાવે છે કે તેણી અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના રીલેશનશીપની જાણ તેણીના માતા પિતાને થતા તેઓએ તેણીને ઠપકો આપેલ પરંતુ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તેણીને રીલેશનશીપમાં રહેવા માટે જણાવેલ. વધુમાં સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૫/૯/૨૦૨૫ ના રોજ સાજે સાડા સાત વાગે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર, ભુમિ અને કૃણાલ તેણીના ઘરે આવેલ બે એકટીવા લઇને આવેલ અને ત્યારે તેણીના માતા પિતા હાજર ન હતા પરંતુ બીજા ઘરના સભ્યો હાજર હતા. તે વખતે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર, ભુમિ અને કૃણાલ તેણી સાથે ઝઘડો કરેલ અને થોડી વાર બાદ તેણીના માતા પિતા આવેલ અને તેઓએ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અને ભુમિ સાથે વાત કરેલ અને સમજાવેલ કે હવે ઝઘડો ના થવો જોઇએ. તે વખતે તેઓઅે એવું કહેલ કે હવે તેઓ ઝઘડો કરશે નહિ. વધુમાં જણાવે છે કે તા.૧૬/૯/૨૦૨૫ ના રોજ તેણી તેની સ્કુલે ગયેલ ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તેણીને બધા વચ્ચે ગાળો બોલેલ તેમજ જાતી વિષયક શબ્દો બોલી તેણીને બદનામ કરી નાંખશે તેમ જણાવેલ અને આ વાત તેણીએ ઘરે આવીને માતા પિતાને કહેલ, જેથી તેઓએ તેણીને આ વાત સ્કુલમાં જણાવવા માટે કહેલ અને તા.૧૭/૯/૨૦૨૫ ના રોજ તેણીએ તેના પ્રિન્સીપાલ સાહેબને જણાવેલ કે તારીખ–૧૬ ના રોજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તેણીને હેરાન કરેલ અને અવાર નવાર પણ હેરાન કરે છે. જેથી પ્રિન્સીપાલને એવું પુછેલ કે માતા પિતા આ બાબતે કોઇ પગલું લઇ શકે છે ? તો પ્રિન્સીપાલ સાહેબે પગલા લેવાની હા પાડેલ. વધુમાં જણાવે છે કે તા.૧૮/૯/૨૦૨૫ ના

રોજ તેણી સ્કુલે ગયેલ નહિ અને તા.૧૯/૯/૨૦૨૫ ના રોજ તેણીએ બ્લીચીંગ પીધેલ અને તેથી તેણીને પેટમાં બળતરા અને ઉલટી થતી હતી, જેથી તેણીના ઘરના લોકો તેણીને શ્રી કૃષ્ણ હોસ્પીટલમાં લઇ ગયેલ અને દવાખાનામાં તેણીના માતા પિતાએ પોલીસ ફરીયાદ આપેલ અને પોલીસે બનાવ બાબતે તેણીનો જવાબ લીધેલ. વધુમાં જણાવે છે કે ત્યાર બાદ પોલીસ તેણીને કોર્ટમાં લઇ ગયેલ અને ત્યાં જજ સાહેબશ્રીએ તેણીનું નિવેદન લીધેલ, જે બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન આંક-૨૪ થી રજુ છે. વધુમાં સાહેદ જણાવે છે કે તેણી આરોપીઓને ઓળખે છે.

સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીઓના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે, જેમાં તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીને અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ઇન્સ્ટાગ્રામ ઉપર વાતચીત થતી હતી અને તેઓ વચ્ચે પ્રેમ સંબધ બંધાયેલ આ પ્રેમ સંબધની જાણ તેણીના માતા પિતાને થતા તેઓએ તેણીને ઠપકો આપેલ તથા તેવી જ રીતે આ પ્રેમ સંબધની જાણ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના ઘરે થતા તેના મમ્મીએ તેણીને ફોન કરી જણાવેલ કે '' તુ કેમ પ્રેમ સંબધ રાખુ છુ ''  તેમજ તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ ડોકટરશ્રીને બ્લીચીંગ પીવાનું કારણ જણાવેલ ન હતું. તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીના જન્મ દિવસે તેણીને અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને બોલવાનું થયેલ અને તે બાબતે તેઓએ એકબીજાને સોરી પણ કહેલ. વધુમાં તેણીએ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીના ઘરે તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના ઘરે બંનેને ભણવા માટે પ્રેમ સંબધ બંધ કરવા માટે જણાવેલ.

આ કામના ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઇએ તો, આરોપી નં.૧ નાઓએ ભોગ બનનારને કોઇ ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત ભોગ બનનારની જુબાની થકી ફલીત થતી નથી પણ તેનાથી ઉલ્ટું ભોગ બનનારના પુરાવા થકી આરોપી નં.૧ નાએ ભોગ બનનારને તેના પુત્ર એટલે કે  કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર  સાથે વાત ન કરવા તેમજ ભણવા ઉપર ધ્યાન આપવા માટે જણાવેલ હોવાની હકીકત ફલીત થાય છે.

વધુમાં ફરીયાદીની ફરીયાદ મુજબ ભોગ બનનારને આ કામના આરોપીઓએ જાતી વિષયક શબ્દો બોલેલ હોવાનું જણાવેલ છે પરંતુ ભોગ બનનારે પોતાની સોગંદ ઉપરની સમગ્ર જુબાનીમાં આરોપીઓએ કયા શબ્દો તેણીને બોલેલ હતા તેવા કોઇ શબ્દો જણાવેલ નથી.

**ડોકટર સાહેદના પુરાવા :-**

(૧૩) ફરીયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનાર સાથે અગાઉ બનેલ બનાવ બાબતે તેણીએ ગભરાઇને બ્લીચીંગ પી ગયેલ હતી અને તેણીને સારવાર માટે હોસ્પીટલમાં લઇ ગયેલાનું ભોગ બનનાર તથા તેણીના માતાના પુરાવા થકી બહાર આવેલ છે, જેથી ભોગ બનનારની સારવાર કરનાર ડોકટરશ્રી પુરાવો ધ્યાને લેવો જરૂરી બને છે.

વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૬ થી ડો. પારસ રમણીકભાઇ મોડીયાને આંક-૨૯ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૯/૯/૨૦૨૫ ના રોજ તેઓ શ્રી કૃષ્ણ હોસ્પીટલમાં તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે ભોગ બનનારને મહેળાવ પો.સ્ટે. ના હે.કો. કિરણકુમાર બ.નં.૯૫૧ નાઓ પોલીસ યાદી સાથે લઇને આવેલ હતા. વધુમાં જણાવે છે કે તેઓએ ભોગ બનનારને હિસ્ટ્રી બાબતે પુછતા તેણીએ તા.૧૯/૯/૨૦૨૫ ના રોજ સાંજના છ વાગ્યાની આસપાસ કોઇ અજાણ્યું ઝેરી પ્રવાહી (બ્લીચીંગ પાવડર) પીધેલાનું અને તેના કારણે તેને બે ઉલટીઓ થયેલ હોવાનું જણાવેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે ભોગ બનનારની શારીરીક તપાસણી કરતા તેણીના શરીર ઉપર કોઇ બાહ્ય ઈજાના નિશાન જોવા મળેલ નહિ તથા તેણીને વધુ તપાસ માટે પીડીયાટ્રીક વિભાગમાં મોકલી આપેલ. વધુમાં જણાવે છે કે ભોગ બનનારનું ગેસ્ટ્રીક લાવજનું વધુ તપાસ માટે સેમ્પલ લેવામાં આવેલ અને તેને સીલબંધ કરી એફ.એસ.એલ. માં તપાસણી માટે મોકલેલ હતું. વધુમાં તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનારનું ઈન્જરી સર્ટી. આંક-૩૦ થી રજુ કરેલ છે તેમજ વધુમાં જણાવે છે કે ભોગ બનનારના શરીરમાંથી ગેસ્ટ્રીક લવાજનું જે સેમ્પલ લેવામાં આવેલ હતું તેના એફ.એસ.એલ. ના રીપોર્ટ મુજબ ભોગ

બનનારના શરીરમાંથી ગેસ્ટ્રીક લવાજના સેમ્પલમાં કોઇ રાસાયણીક ઝેરની હાજરી શોધાયેલ ન હતી.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દર્દીએ કથીત પ્રવાહી પીવા બાબતેનું કોઇ કારણ જણાવેલ ન હતું તેમજ દર્દીની તપાસણી કરી પોલીસને જે મેડીકલ સર્ટી આપેલ હતું તેમા સેમ્પલ લીધેલ હતું તેનો કોઇ ઉલ્લેખ કરેલ ન હતો.

આ કામે ભોગ બનનાર તથા તેણીના માતા એટલે કે ફરીયાદી નાઓએ પોતાના પુરાવામાં તા.૧૯/૯/૨૦૨૫ ના રોજ ભોગ બનનારે બ્લીચીંગ પીધેલાનું જણાવેલ છે અને આ સંદર્ભે આંક–૨૯ થી તપાસવામાં આવેલ ડોકટરશ્રીનો પુરાવો તથા આંક–૫૪ થી રજુ થયેલ એફ.એસ.એલ. નો રીપોર્ટ ધ્યાને લઇએ તો ભોગ બનનારનું ગેસ્ટ્રીક લવાજ તપાસ અર્થે કબજે લેવામાં આવેલ હતું તેમાં રાસાયણીક પદાર્થની હાજરી મળી આવેલ ન હોવાનું ફલીત થાય છે.

**એફ.એસ.એલ. અધિકારીના પુરાવા :–**

(૧૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૫ થી સાયન્ટીફીક ઓફીસર અર્જુનભાઈ નાનજીભાઇ રાઠવાને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે ઉપરોકત ગુના સંબધે સ્થળ પરીક્ષણ કરવા માટેનો મેસેજ મળતા તા.૨૨/૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૩–૪૫ થી ૧૪–૪૫ દરમ્યાન ત.ક.અમલદારશ્રી પાર્થ ચોવટીયા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.એસ.ટી.સેલ, આણંદ નાઓની હાજરીમાં બનાવ સ્થળની રૂબરૂ મુલાકાત માટે ગયેલ હતા અને તે જગ્યાનું સ્થળ પરીક્ષણ કરેલ તેમજ ભોગ બનનારના માતા ધ્વારા ભોગ બનનારે જે પ્રવાહી પીધેલાનું જણાવેલ હતું, તે કેરબામાં આશરે ૧૦૦ મીલી જેટલું પ્રવાહી ભરેલ હતું અને તેમાંથી બ્લીચીંગ જેવી વાસ આવતી હતી. વધુમાં જણાવે છે કે તેઓએ બનાવ સ્થળેથી મળી આવેલ કેરબો, પ્રવાહી તથા અન્ય નમુના તપાસ અર્થે લીધેલ હતા. વધુમાં

તેઓએ કરેલ મુલાકાત અંગેનો સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલ, જે આંક–૨૬ થી રજુ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ તા.૨૦/૯/૨૦૨૫ ના રોજ બનેલ અને તેમણે સ્થળ પરીક્ષણ અહેવાલ તા.૨૨/૯/૨૦૨૫ ના રોજ કરેલ હતું. તેમજે તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવના સ્થળે તેમણે કોઇ પરીક્ષણ કરેલ નથી તેમજ કેરબામાં પ્રવાહી બ્લીચીંગ છે, તે બાબતે તેમણે કોઇ પરીક્ષણ કરેલ નથી.

**પંચ સાહેદના પુરાવા :–**

(૧૫) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧ થી વિનોદભાઇ અંબાલાલ સોલંકીને આંક–૯ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૨/૯/૨૦૨૫ ના રોજ તેમના ઉપરી અધિકારીના લેખીત હુકમના આધારે તેઓ તથા બીજા પંચ તરીકે હિરેનભાઇ રમેશભાઇ પટેલ નાઓ મહેળાવ પો.સ્ટે. ગયેલ હતા અને ત્યાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવાનું હોય તે બાબતે તેઓને પોલીસ કર્મચારી ધ્વારા સમજ કરતા તેઓએ સ્વખુશી દર્શાવેલ. તેમજ ત્યાર બાદ તેઓ તેમજ પોલીસના માણસો વગેરે સરકારી વાહનમાં બેસી મહેળાવ ગામની સીમમાં આવેલ મથુરપુરા પ્રાથમીક શાળા પાસે આવેલ ફરીયાદીના મકાન પાસે આવેલ. વધુમાં જણાવે છે કે મકાન પાસે ફરીયાદી બહેન હાજર હતા અને તેઓએ ગુનાવાળી જગ્યા બતાવતા, તે જગ્યા એક રહેણાંક મકાન હતું તથા સદર મકાનનું વિગતવારનું પંચનામું કરેલ તેમજ મકાનની અંદર એક રૂમમાં લાકડાના કબાટની બાજુમાં એક સફેદ કલરનો નાનો પ્લાસ્ટીકનો કેરબો પડેલ હતો, તે કેરબામાં થોડું પ્રવાહી હતું, જે પ્રવાહી એફ.એસ.એલ. અધિકારી તેમજ પંચો રૂબરૂ સુંઘતા તે બ્લીચીંગનું પ્રવાહી હોય તેવી સુગંધ આવતી હતી અને તે પ્રવાહીમાંથી એફ.એસ.એલ. અધિકારીએ ૧૦૦ ગ્રામ જેટલું પ્રવાહી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ. વધુમાં જણાવે છે કે ગુનાવાળી જગ્યાનું બારીકાઇથી તપાસ કરતા કોઇ નોંધપાત્ર નિશાન જણાય આવેલ નહિ. વધુમાં તેઓએ

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ગુનાવાળી જગ્યાનું કરવામાં આવેલ વિગતવારનું પંચનામું આંક–૧૦ થી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે પરંતુ તેઓને લાભદાયી થાય તેવી કોઇ વિશેષ હકીકત બહાર આવેલ નથી.

આમ ઉપરોકત પંચ સાહેદની જુબાની ધ્યાને લેતા ગુનાવાળી જગ્યા હાલના કામના ફરીયાદી ધ્વારા બતાવવામાં આવેલ હોવાનું અને તે જગ્યાનું વિગતવારનું પંચનામું તેઓ રૂબરૂ કરવામાં આવેલ હોવાનું તેમજ એફ.એસ.એલ. અધિકારીએ ગુનાવાળી જગ્યાએથી કથીત પ્રવાહી તપાસ અર્થે કબજે કરેલાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

**એટ્રોસીટી એકટના ગુના સંબધે સક્ષમ અધિકારીશ્રીના પુરાવા :–**

(૧૬) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા હાલના કામના આરોપીઓએ એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, જેથી સદર ગુનાના આક્ષેપ સંબધે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૭ થી ભુપતભાઇ પુનમભાઇ ગોહેલને આંક–૩૧ થી તપાસવામાં આવેલ છે અને** તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પેટલાદ મામલતદાર કચેરીમાં સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને નામદાર કોર્ટ તરફથી મામલતદાર શ્રી કે.ડી. સોલંકીને સાહેદ સમન્સ કરવામાં આવેલ છે પરંતુ તેઓ અન્ય કામમાં રોકાયેલ હોવાથી તેમને રેકર્ડ સાથે નામદાર કોર્ટમાં હાજર રહેવા અધિકૃત કરવામાં આવેલ છે, જે અધિકૃત પત્ર આંક–૩૨ થી રજુ છે. વધુમાં તેઓ તેમની કચેરી ધ્વારા જાતી અંગેનું પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવેલ છે તેનું અસલ રજીસ્ટર લાવેલ છે, જેના અનુક્રમન નં.૫૩ ઉપર ભોગ બનનારના જાતીનો દાખલો ઇસ્યુ કરવા બાબતેની નોંધ આવેલાનું અને તેની સામે પેટલાદના મામલતદારશ્રીના હોદાનો સીકકો અને સહી હોવાનું જણાવેલ છે, જેની ખરી નકલ તેઓએ આંક–૩૩ થી તથા ભોગ બનનારની જાતી અંગેનું પ્રમાણપત્ર આંક–૩૪ થી રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે ભોગ બનનારનું જાતી અંગેનું પ્રમાણપત્ર જે–તે

સમયના મામલતદારશ્રી વી.બી.દેસાઇ નાઓએ ઇસ્યુ કરેલ હતું તેમજ તેની સાથે ભોગ બનનારે દાખલો મેળવવા માટે કરેલ અરજી તથા તેની સાથે સંલગ્ન પુરાવા આંક–૩૫ અને આંક–૩૬ થી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમણે જે જુબાની આપેલ છે, તે રેકર્ડ આધારે આપેલ છે અને હાલના કેસ બાબતે તેમને કોઇ જાત માહિતી નથી. આ સીવાય અન્ય કોઇ ફળદાયી હકીકત બહાર આવેલ નથી.

આ કામે ભોગ બનનાર તથા તેની માતા એટલે કે ફરીયાદી નાઓના સોગંદ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના કામના આરોપીઓ ધ્વારા કોઇ પણ તબકકે ભોગ બનનારનું જાતી વાચક શબ્દો બોલીને અપમાન કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવું બહાર આવેલ નથી. ભોગ બનનાર નાઓ ધ્વારા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ધ્વારા તેણીને જાતી વાચક શબ્દો બોલી તેણીનું જાહેરમાં અપમાન કરવાનો પ્રયત્ન કરેલાનો આક્ષેપ મુકવામાં આવેલ છે પરંતુ તે હાલના કેસના આરોપી નથી તેમજ કયા શબ્દોનો ઉચ્ચાર કરેલ હતો તેવા કોઇ શબ્દો પણ ભોગ બનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં ફરીયાદીના સોગંદ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓએ તેમના પુરાવામાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તેમજ હાલના આરોપીઓ ધ્વારા કોઇ જાતી વાચક શબ્દો બોલેલ હોય તેવો કોઇ આક્ષેપ કરેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને રાખતા હાલના કામના આરોપીઓ ધ્વારા જાતી વાચક શબ્દો બોલીને ભોગ બનનારનું જાહેરમાં અપમાન કરેલ હોય તેવુ પુરવાર થતું ન હોય તેવું અત્રેની કોર્ટનું માનવું છે.

**પોલીસ સાહેદના પુરાવા :–**

(૧૭) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૮ થી પોલીસ સાહેદ પાર્થ ઘનશ્યામભાઇ ચોવટીયાને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલ તેઓ મદદનીશ પોલીસ કમિશનર તરીકે સુરત મુકામે ફરજ બજાવે છે તથા તા.૨૦/૯/૨૦૨૫ ના રોજ તેઓ આણંદ ખાતે એસ.સી. એસ.ટી. સેલમાં નાયબ પોલીસ અધિક્ષક તરીકે

ફરજ બજાવતા હતા ત્યારે ઉપરોકત ગુનાની તપાસ તેઓને સોંપાતા તેમણે તપાસ સંભાળી લીધેલ અને ત્યાર બાદ તેઓએ ફરીયાદીનું વિશેષ નિવેદન તથા ભોગ બનનારનું નિવેદન અને લાગતા વળગતા સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ. વધુમાં જણાવે છે કે તેઓએ ફરીયાદીનું જાતી અંગેનું પ્રમાણપત્રની વેરીફીકેશન કરવા તજવીજ કરેલ અને વેરીફીકેશન કર્યા બાદ જાતી અંગેનું પ્રમાણપત્ર તપાસમાં સામેલ રાખેલ. વધુમાં જણાવે છે કે ફરીયાદી બનાવવાળી જગ્યા બતાવવા માંગતા હોય બનાવવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામું કરેલ તેમજ પંચો રૂબરૂ આરોપીઓની શરીર સ્થીતીનું પંચનામું કરેલ અને બનાવમાં વપરાયેલ મોબાઈલ તેમજ ટુ-વ્હીલર વાહન પંચો રૂબરૂ કબજે લીધેલ. વધુમાં તેઓએ પોતાની જુબાનીમાં તેમણે ગુના સંબધેની તપાસ દરમ્યાન કરવામાં આવેલ કાર્યવાહીના દસ્તાવેજી પુરાવા આંક-૪૦ થી આંક-૫૪ સુધી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારના ડોકટરશ્રી ધ્વારા લેવામાં આવેલ નમુનામાં એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ કોઈ રાસાયણીક ઝેરની હાજરી મળી આવેલ ન હતી.

(૧૮) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૯ થી પોલીસ સાહેદ ગોપાલ સાંગાભાઈ ગઢવીને આંક-૫૫ થી તપાસવામાં આવેલ છે** તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલ તેઓ ગોડલ સીટી, બી ડિવીઝન પો.સ્ટે. ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવે છે તથા તા.૨૦/૯/૨૦૨૫ ના રોજ તેઓ મહેળાવ પો.સ્ટે. માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદીએ તેમની સમક્ષ ઉપરોકત ગુના સંબધેની ફરીયાદ હકીકત જાહેર કરેલ, જે તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને ઉપરોકત ગુનો એટ્રોસીટી એકટનો હોય ગુનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી. એસ.ટી. સેલ તરફ મોકલી આપેલ. વધુમાં તેઓએ પોતાની જુબાનીમાં તેમણે કરેલ કાર્યવાહી સંબધેના દસ્તાવેજી પુરાવા આંક-૫૬ થી આંક-૫૯ સુધી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે પરંતુ વિશેષ કોઇ હકીકત સાહેદના પુરાવાથી બહાર આવેલ નથી.

**પુરાવાનું પુન:મુલ્યાંકન :–**

(૧૯) આમ રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧,૨ નાઓએ ભોગ બનનાર સાથે મોબાઇલ ઉપર ઝઘડો કરી તેણીને સોશીયલ મીડીયામાં બદનામ કરવાની ધમકી આપેલાનું તેમજ તા.૧૬/૯/૨૦૨૫ ના રોજ આરોપી નં.૨,૩ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓએ ભોગ બનનારના ઘરે જઇ ભોગ બનનારને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે જણાવેલ કે '' મને મોબાઇલમાં બ્લોક કેમ કરી નાંખેલ છે '' તેમ કહી ફરીયાદી તથા સાહેદો સાથે ઝઘડો કરેલ તેમજ '' તમે સાલા વસાવા આદિવાસી જ રહેવાના '' જેવા જાતી વાચક શબ્દો બોલેલ તેમજ આરોપી નં.૩ નાએ ફરીયાદી તથા સાહેદો સાથે ગાળો બોલી ઝઘડો કરેલ હોવાના કારણસર ભોગ બનનાર ટેન્શનમાં આવી ગયેલ અને તા.૧૯/૯/૨૦૨૫ ના રોજ ભોગ બનનારે જાતે કપડા ધોવાનું બ્લીચીંગ પી ગયેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે.

સદર કામે ભોગ બનનારની આંક–૨૩ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઇએ તો, આરોપી નં.૧ નાઓ ધ્વારા કોઇ પણ તબકકે ભોગ બનનારને ધમકી આપેલ હોય તેવી હકીકત બહાર આવેલ નથી પરંતુ તેનાથી ઉલ્ટું ભોગ બનનારની જુબાની થકી આરોપી નં.૧ નાઓએ ભોગ બનનારને તેઓના પુત્ર સાથે પ્રેમ સંબધ ન રાખવા માટે જણાવેલ હોવાની હકીકત બહાર આવેલ છે.

વધુમાં સદર કામના ફરીયાદીની આંક–૨૧ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઇએ તો, તેઓએ પોતાની જુબાનીમાં આરોપી નં.૧ નાઓએ તેમની ભોગ બનનાર દિકરીને ફોન કરેલ હોય કે ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ તા.૧૬/૯/૨૦૨૫ ના રોજ આરોપી નં.૨,૩ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓ ભોગ બનનારના ઘરે

ગયેલ હોય અને ધમકી આપેલાનો આક્ષેપ કરવામાં આવેલ છે પરંતુ તે બાબતે કોઇ ફરીયાદ આપવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ જોતા જણાય આવતું નથી.

વધુમાં ફરીયાદી અને ભોગ બનનારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં શાળામાં પ્રિન્સીપાલને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિરુધ્ધ પગલા લઇ શકે તે બાબતે પુછેલાનું જણાવેલ છે પરંતુ આવી કોઇ હકીકત ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જાહેર કરેલ નથી તેમજ તેવી જ રીતે આ આ કામના આરોપીઓએ ભોગ બનનારને કોઇ પણ તબકકે જાતી વાચક શબ્દો બોલેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદી કે ભોગ બનનાર ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી તથા અન્ય કોઇ પણ સ્વતંત્ર સાહેદ ધ્વારા પણ ઉપરોકત હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

વધુમાં ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઇએ તો, તેણી અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર બંને વચ્ચે પ્રેમ સંબધ હોવાનો અને તે બાબતે તેઓ બંનેને તેઓના માતા પિતા ધ્વારા ઠપકો આપેલાની હકીકત બહાર આવેલ છે. તેમજ ફરીયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનારને લાગી આવ્યા બાદ તેણીએ ઘરમાં રહેલ કેરબાનું બ્લીંચીંગનું પ્રવાહી પીધેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે પરંતુ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા ધ્યાને લઇએ તો સદર ગુનાના કામે તપાસ અર્થે કેરબામાંથી કબજે કરવામાં આવેલ બ્લીંચીંગ તથા ભોગ બનનારની તપાસ દરમ્યાન તેણીના શરીરમાંથી ગેસ્ટ્રીક લવાજનો નમુનો ડોકટરશ્રી ધ્વારા કબજે લેવામાં આવેલ હતો, તે એકસમાન ન હોવાનું તથા ભોગ બનનારના શરીરમાંથી લીધેલ ગેસ્ટ્રીક લવાજના સેમ્પલમાં કોઇ ઝેરી પદાર્થ મળી આવેલ નથી. આમ, ભોગ બનનાર ધ્વારા તા.૧૯/૯/૨૦૨૫ ના રોજ ટેન્શનમાં આવીને બ્લીચીંગ પીધેલ હોવાનો ફરીયાદપક્ષનો આક્ષેપ કરવામાં આવેલ છે, તે એફ.એસ.એલ. ના રીપોર્ટ થકી પુરવાર થતો ન હોવાનું જણાય આવે છે.

આમ ઉપરોકત તમામ હકીકતો અને કારણોસર ફરીયાદપક્ષના કેસ સામે વ્યાજબી શંકા ઉભી થતી હોવાનું અત્રેની કોર્ટનું માનવુ છું.

(૨૦) આમ રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવા તથા તેની ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને રાખતા આ કામના ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરી જેની ઉંમર ૧૭ વર્ષ ૦૧ માસ (જન્મ તારીખ ૦૬/૦૯/૨૦૦૮) છે, તેણીનો તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ જન્મ દિવસ હોય તેણીના શાળામાં રહેલ મિત્રોએ બર્થ-ડે વીશ કરેલ, જેથી આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ગમેલ નહિ અને તેની રીસ રાખી સોશીયલ મીડીયા ઉપર ફરીયાદીની સગીર વયની ભોગ બનાર દિકરી સાથે ઝઘડો કરી પોતાની સાથે પ્રેમ સંબધ રાખવાનું દબાણ કરેલ તેમજ તેણીને રસ્તામાં રોકી બદનામ કરવાની ધમકી આપેલ તેમજ આ કામના આરોપી નં.૧ તથા નં.૨ નાએ ફરીયાદીની ભોગ બનનાર દિકરી સાથે મોબાઇલ ઉપર ઝઘડો કરી સોશીયલ મીડીયામાં બદનામ કરવાની ધમકી આપેલ તથા તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ આરોપી નં.૨ તથા નં.૩ નાઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓએ ફરીયાદીના ઘરે જઇ ભોગ બનનાર દિકરીને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે જણાવેલ કે ‘‘ મને મોબાઇલમાં બ્લોક કેમ કરી નાંખેલ છે ’’ તેમ કહી ફરીયાદી તથા સાહેદોને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા આરોપી નં.૨ નાએ જણાવેલ કે ‘‘ તમે સાલા વસાવા આદિવાસી જ રહેવાના ’’ તેમ કહી જાતીવાચક અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરેલ તથા આરોપી નં.૩ નાએ ફરીયાદી તથા સાહેદો સાથે ગાળો બોલી ઝઘડો કરેલ તેમજ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનારને તમામ આરોપીઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે મોબાઇલ ઉપર ઝઘડો કરી સોશીયલ મીડીયામાં બદનામ કરવાની ધમકી આપેલ. તેમજ આરોપી નં.૨, નં.૩ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ફરીયાદીના ઘરે ઝઘડો કરેલ હોવાથી ભોગ બનનાર દિકરી ટેન્શનમાં આવી ગયેલ અને તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૮-૩૦ વાગે ભોગ બનનારે પોતાના ઘરે પોતાની જાતે કપડા ધોવાનું બ્લીચીંગ પી જઇને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબનો

ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોવાથી મુદદા નં.૨ તથા મુદદા નં.૩ નો જવાબ **“ નકારમાં ”** ઠરાવી મુદદા નં.૪ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-// આ ખ રી હુ ક મ//-**

(૧) આ કામના આરોપી નં.૧ રીન્કું વા/ઓ ઉમેશકુમાર રામનરેશસિંહ (બિહારી રાજપુત), રહે.પેટલાદ, ૩ સત્વા લોટસ સોસાયટી, ઇસરામા રોડ, તા.પેટલાદ, જી.આણંદ તથા આ કામના આરોપી નં.ર ભુમી ડો/ઓફ ઉમેશકુમાર રામનરેશસિંહ (બિહારી રાજપુત), રહે. રહે.પેટલાદ, ૩ સત્વા લોટસ સોસાયટી, ઇસરામા રોડ, તા.પેટલાદ, જી.આણંદ તથા આ કામના આરોપી નં.૩ કૃણાલ સન/ઓફ બિપીનચંદ્ર મોતીભાઇ મકવાણા (હિન્દુ વણકર), હાલ રહે.નડિયાદ, કાર્મેલ સોસાયટી, પવન ચકકી રોડ, તા.નડિયાદ, જી.ખેડા, મુળ રહે. મજુરગામ, મીલ રોડ, કલ્યાણ કુંજ સોસાયટી સામે, તા.નડિયાદ, જી.ખેડા નાઓને બી.એન.એસ.એસ. ની કલમ-૨૫૮(૧) મુજબ મહેળાવ પો.સ્ટે. ના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૧૭૨૫૦૨૧૬/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૧ મુજબ રૂા.૧૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

(૩) આ કામના આરોપીઓએ પોતાના સરનામા, કોન્ટેકટ નંબર સાથે દિન-૭ માં સોગંદનામા ઉપર રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદદામાલનો બી.એન.એસ.એસ. ની કલમ-૪૯૮ અન્વયે અપીલ સમય પુરો થયેથી

ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ અનુસાર નિકાલ કરવો તેમજ મુદદામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મોબાઈલ નંગ–૧ તથા મુદદામાલ ટુ વ્હીલર વાહન નંગ–૨ તેના મુળ માલીકની ખરાઈ કરી તેમને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને જો અપીલ થાય તો નામદાર અપીલ અદાલતના હુકમ મુજબ વર્તવું.

આ હુકમ આજ રોજ તારીખ–૩૦, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૩૦/૦૬/૨૦૨૬ (ઝંખના વી. ત્રિવેદી)
સ્થળ–પેટલાદ. સ્પેશ્યલ જજ અને અધિક સેશન્સ જજ,પેટલાદ.
**GJ**–00676

*સ્ટેનો–જે.ટી.રાણા.*